## પ્રકરણ – ૧૦

# આદિવાસી લોકમહાકાવ્યોનું ચરિત્રચિત્રણ

- સિંધુ સભ્યતમાં માતૃસતાક સમાજના આધાર
- ભીલોની વર્તમાન જીવનરીતિમાં માતૃસતાક પરિવારના અંશ
- સ્ત્રી ગૌરવ
- યુગલમહિમા અને યુગલધર્મ
- રામકથાનું ચરિત્ર ચિત્રણ
- 'ગુજરાંનો અરેલો એન રાઠોર વારતા' ચરિત્ર ચિત્રણ
- 'રાઠોર વારતા' અને ચરિત્ર પરંપરા
- 'વાગડની વીરતા'નું લોકમહાકાવ્ય ગલાલેંગ

## પ્રકરણ – ૧૦

# આદિવાસી લોકમહાકાવ્યોનું ચરિત્રચિત્રણ

માનવ સમાજનો વિકાસ માતૃસતાક પરિવારમાંથી થયો હોવાના પ્રમાણ લિખિત ભારતીય સાહિત્ય, પુરાવસ્તુની ભૌતિક સામગ્રી, આદિવાસીઓની વર્તમાન જીવનરીતિ અને તેમના મૌખિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

ઋગ્ગોદકાલીન આર્યો માતૃસતાક પરિવાર વ્યવસ્થાથી મુકત થયા હતા. પરંતુ તદ્કાલીન જીવનરીતિની સ્મૃતિ તેમના લિખિત સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. આર્યોની પિતૃસતાક કુટુંબ વ્યવસ્થાની જીવનરીતિમાં ઈન્દ્રનો પ્રભાવ વધી ગયો હતો, તેમ છતાં દેવમંડળમાં 'માતા અદિતિ' નું પ્રમુખ સ્થાન હતું. અદિતિનાં સંતાન હોવાથી દેવ 'આદિત્ય' કહેવાય છે. દિતિથી 'દૈત્ય' દનુથી 'દાનવ' ઈલાથી 'ઐલ' વંશોના પ્રચલનથી જાણી શકાય છે કે પ્રાક્–વૈદિકયુગમાં એક એવી પ્રથા હતી કે વંશ માતાના નામથી ચાલતો હતો. આથી રામાયણમાં રામ માતા કૌશલ્યના નામથી કૌશલ્યાનંદન, લક્ષ્મણ માતા સુમિત્રાના નામથી સુમિત્રાનંદન અને મહાભારતમાં દેવવ્રત (ભીષ્ય પિતામહ) માતા ગંગાના નામથી 'ગાંગેય' અને માતા કુંતીના નામથી અર્જુન 'કૌંતેય' નામથી ઓળખવામાં આવતા હતા. આ પ્રથા રાજવંશોથી આરંભીને સૂત–દાસ જાતિ સુધી પ્રસરેલી હતી. આથી કર્ણ પાલક માતા રાધાના નામ 'રાધેય' ઓળખાતો હતો. ઋગ્વેદકાલીન સમાજમાં માતૃવંશીય પ્રથા ભીલ અથવા નિષાદ જેવી આર્યેતર જાતિયોમાંથી પ્રવેશી હતી જે પ્રાક વૈદિકયુગમાં પ્રચલિત માતૃસત્તાક સમાજવ્યવસ્થાનો જીવનરીતિનો આધાર આપે છે.

### સિંધુ સભ્યતમાં માતૃસતાક સમાજના આધાર :

સિંધુ હડપ્પા અને લોથલ (જેની સાથે નિષાદોનો પણ સંબંધ હતો) માંથી પ્રાપ્ત માતૃદેવીઓની મૂર્તિ–બહુલતા પણ પાંચ હજાર વર્ષ (૩૨૫૦ – ૨૭૫૦ ઈ.પૂ.) પૂર્વના માતૃસતાક પરિવાર–સમાજનું પ્રમાણ આપે છે.

## ભીલોની વર્તમાન જીવનરીતિમાં માતૃસતાક પરિવારના અંશ :

આદિયુગમાં માનવ સમાજનો વિકાસ માતૃસતાક પરિવારમાંથી હોવાના આધાર લિખિત સાહિત્ય વેદો અને સિંધુ સભ્યતાના પુરાવશેષો ઉપરાંત આદિવાસીઓની જીવનરીતિ અને તેમના મૌખિક સાહિત્યમાં પ્રાપ્ત થાય છે. ભીલ સમાજ અને સંસ્કૃતિ સાથે સંબંધ છે ત્યાં સુધી 'પૃથ્વીની ઉત્પકિથા', 'કરમીરો', 'રામ–સીતમાની વારતા', 'ભીલોનું ભારથ' જેવાં લોકમહાકાવ્યોને વર્ષના ઋતુચક્ર સાથે જોડી શકીએ છીએ. આવાં લોકમહાકાવ્યો ફકત કથારસને સંતૃપ્ત કરવા માટે જ નથી આવતાં પરંતુ ભીલ જીવનની કોઈને કોઈ ધાર્મિક–સામાજિક પ્રણાલીને અને જીવન રીતિને ક્રિયાશીલ કરીને સંપન્ન બનાવવા માટે આવે છે. તે ભીલ સમાજના ધાર્મિક અનુષ્ઠાન, તહેવાર અને સામાજિક પ્રસંગોના ખાસ પ્રકારના વાતાવરણ સહયોગથી પોતાનું કલામય સ્વરૂપ ધારણ કરે છે.

પૂર્વકાલીન માતૃસતાક સમાજમાં સ્ત્રી જ સર્વોપરી હોય છે. તેની સામે પુરૂષ અસહાય હોય છે. વિદ્વાનોનો મત છે કે પંથ અથવા માર્ગના પ્રચાર–પ્રસાર માટે પુરાણો જેવા લિખિત સાહિત્યની રચના કરવામાં આવી છે. અને લોકસમુદાયમાંથી મૌખિક સાહિત્યની કંઠપરંપરા તરીકે સુવાચ્ય થયું. લોકમાનસમાં દેવીઓની ભયાનકતાથી ઉત્પન્ન ભયને શાંત કરવા માટે પૂજા અને બલિ ચઢાવવામાં આવે છે. 'દેવીસહત્રનામ'માં 'ડામરી' અને 'ડાકિની' પણ છે. જેમના મંત્રિકાનો જાદુ–ટોણા સાથે ઘનિષ્ઠ સંબંધ છે. ભીલ લોકમાનસમાં આજે પણ સ્ત્રી વિષયક ભયની ભાવના વિધમાન છે. આવા ભયમાંથી જ 'ડાકણ' વિષયક ખ્યાલ ઉત્પન્ન થયા છે. 'ભીલોનું ભારથ' સ્ત્રીને 'ડાકણદેવી' માનવાના લોકમાનસના ખ્યાલોમાંથી દ્રૌપદીના ચરિત્રનું દેવીકરણ થયું છે અને તેનું પ્રભાવી ચરિત્ર અનેક ઘટનાઓનું વિધાયક બન્યું છે.

'ભારથ' માં યુધિષ્ઠિર (ઝઠોદર) વારંવાર સ્વરૂપ બદલતી દ્રૌપદીને દેવી માનીને જ તેની ઉપાસના પૂજા અને આરતી કરે છે.

ઊભો ઊભો વઈરા ઢોળે....(૨)
કેંરની નારીન સમર ઢોળે....રા....ઝી....
ઝેઠોદર નમી નમીને પાંગે લાગે,...(૨)
આરતી સરેંન આરતી ઉતરે હો...રા...જી

એંકરાઈ કરહાં તો ખોટું આવહેં,...(૨)
ઘરના બઈમાન અવવું કોઈ માં બોલાં હો...રા...ઝી
ઝેઠોદર ગોડિયો વાળીન પાંગે લાગે,...(૨)
ભેંમો પાંડવ ભાળવા લાગો...હો...રા...ઝી

માતૃસતાક જીવનરીતિથી આવિર્ભૂત મહાધરમ અથવા મહામાર્ગી જીવનદર્શન ને જાણવાવાળો ભીમ છુપાઈને બારીમાંથી જોયેલા આ દશ્યથી ક્રોધિત થઈ જાય છે. અને સુની વખારમાં જઈને ખાટલા પર ઊંધો પટકાઈ પડે છે. તેનો પુરૂષ સહજ અહંમ ફુત્કારી ઉઠે છે, ભાભીને મારી નાખુ ; અથવા ભાઈને અથવા હું ખૂદ મરી જાઉ ! ભલેને ઘણી સુંદર પત્ની હોય, પણ પત્નીના પગ શા માટે સ્પર્શી શકાય ? આ કયો ચમત્કાર થઈ ગયો ? યુધિષ્ઠિર પાંડવે આ શું કરી નાખ્યું ?

દ્રૌપદી ભીમના ક્રોધ અને આશ્ચર્યને દૂર કરવા માટે રાત્રે તેને સિંદૂરવર્ણા વડના સ્થાને આવવાનું કહે છે. મધ્યરાત્રીએ સિંદૂરવર્ણા વડ નીચે નવલાખ દેવી–દેવીઓની સભામાં દેવીનું રૂપ ધારણ કરી સિંહ પર સવાર થઈને દ્રૌપદીને સોનાના સિંહાસન પર બેસાડે છે ત્યારે વડની ઘટામાં છુપાયેલ ભીમનો પુરૂષ સહજ અહંકાર ગળવા લાગે છે. અને તેના હૃદયમાં દ્રૌપદીનું દેવીરૂપ જોઈને ભય વ્યાપે છે.

દ્રૌપદીના દેવી સ્વરૂપથી ભયભીત ભીમ, દેવી–દેવતાઓના સંવાદ સાંભળે છે. ભગવાનના પૂછવા પર દ્રૌપદી કહે છે, ‘‘ચાર પાંડવો તો ફસાઈ ચૂકયા છે પણ યુધિષ્ઠિર હજી ફસાયો નથી. તે દરરોજ મારી ઉપાસના કરે છે. બધાને મારી નાખીને વૈકુંઠમાં તારાં દર્શન કરવા આવીશ.’’ પ્રાતઃકાળ નવલાખ દેવી–દેવતા વિખરવા લાગ્યા છે.

બીજા દિવસો મધ્યરાત્રીએ વાદળમહેલમાં રૂદન કરતો ભીમ બધાના સાંનિધ્યમાં દ્રૌપદીને કહે છે, ‘‘ભાભી, તું ડાકણ–દેવી છે. અમારી માતા પણ ડાકણ–દેવી છે. ભાભી, પાંચ ભાઈઓના શિરે હાથ મૂકીને ; આર્શીવાદ આપીને પાકા પુરૂષ બનાવી દે.’’ સતી દ્રૌપદી કહે છે, ‘‘તમે તો ઘમંડમાં જ રહી ગયા ન તો સત્યને સમજયા, ન ધર્મને અમે કહીએ એટલા જ ડગલાં ભરશો તો જ અમારી દેવતાઓની સભામાં બેસી શકશો. તમે તો ગુરુનું પણ અપમાન કરો છે. અમે કહીએ એટલી વાત માનશો તો જ ભગવાન આપણા ઘેર આવશે. નહી તો તમે

નુગરા (ગુરુ વિનાના) મરી જવાના તમારું નામો નિશાન નહીં રહે.''

સ્ત્રીના પ્રભાવનાં દર્શન ભારથમાં દ્રૌપદી (ધોફાં) કુંતી (કુતમા), સુભદ્રા (હોદરાં) રોમ–સીતમામાં સીતા (સીતમા), કૈકેયી (કકાપદમણી), કોશલ્યા, દેવરામાં અંબાવર, સુંડ, ઉમિયા વગેરે સ્ત્રી ચરિત્રમાં થાય છે. આ મહાકાવ્યોની ઘણા બધા પ્રસંગ–ઘટનાઓની કર્તા–હર્તા–ધર્તા સ્ત્રી–ચરિત્રો જ છે.

સમગ્ર ભારથમાં ઓજથી ભરેલું દ્રૌપદીનું પ્રભાવી ચરિત્ર વ્યાપ્ત છે. દ્રૌપદી બધા પર શાસન કરે છે. પૃથ્વી પરના દેવ જેવા પાંડવો પર પણ તે શાસન કરતી જોવા મળે છે.

પ્રાક્–વૈદિક અને વૈદિકયુગના દેવી–દેવતા પ્રકૃતિની ભિન્ન–ભિન્ન શકિતઓનાં મૂર્તરૂપ હતાં. પ્રકૃતિ મહાશકિતના રૂપમાં શાસન કરતી જોઈ શકાય છે. આગળ સૂચવવામાં આવ્યું છે કે બ્રહ્મસ્વરૂપા સર્વવ્યાપિની શકિતને સમસ્ત વિશ્વ અને ક્રિયાઓનં મૂળ માનવામાં આવ્યું છે. આ જ દાર્શનિક વિચારધારાના આધારે ભારથનાં ઓજસ્વી સ્ત્રી–ચરિત્રોનું નિર્માણ થયું છે, અને આ દાર્શનિક વિચારધારાઓને પોતામાં સમાવીને ચાલતા મહામાર્ગના દર્શનનાં માતૃસતાક જીવનરીતિ અને શાકત ધર્મના શકિતવાદ સાથે પ્રગાઢ સંબંધ છે.

## સ્ત્રી ગૌરવ :

મહામાર્ગમાં જે સ્થાન સ્ત્રીનું હોય છે તે જગતના કોઈ ધર્મ અથવા સંપ્રદાયમાં નથી. મહાપથ, બીજમાર્ગ, આદિધરમ, ઘૂનો ધરમ, મહાધરમ, નિજારપંથ, નિજિયાધર્મ, ધૂળાનો પાટ, ગુપ્તપંથ, સનાતન ધર્મ આધ ધરમ વગેરેના નામથી પ્રચલિત આ પંથે સ્ત્રીને ગૌરવ આપ્યું છે.

નિજારમાર્ગમાં અહંકારનો નકાર જ નિ–જાર છે. અહંકાર બળી જાય ત્યારે ભકિત પ્રકાશિત થાય છે. આ ધર્મમાં નર–નારી યુગલના રૂપામાં અગ્રેસર થાય છે. આથી સર્વ ભેદબુદ્ધિ તથા દ્વન્દ્વભાવને દૂર કરવો પડે છે. આ ધર્મમાં સ્વામિ–સેવક અથવા સ્વામિ–પત્નીનો સંબંધ ચાલતો નથી. પુરુષને પોતાનો માલિકી–અધિકાર છોડવો પડે છે અને સ્ત્રીને ગુરુના સ્થાન પર સ્થાપવી પડે છે.

ભીમે રાજસ્વરના અહંકારમાં દ્રૌપદીના ગુરુ 'બાળા હરગુરા' ને નીચી જાતિનો કહીને અપમાન કર્યુ હતું. આથી પાંડવોનો સાતમો યજ્ઞ પણ નિષ્ફળ ગયો અને પાંડુને કુતરાનો

અવતાર પ્રાપ્ત થયો. જેથી દ્રૌપદીને ગુરુના સ્થાને સ્થાપીને પોતાના સ્વામિત્વભાવને છોડી, મુખમાં ઘાસનાં તણખલાં દબાવી ચરણોમાં પડે છે અને હાથ જાડીને પાંડવો પિતાના મોક્ષનું માર્ગદર્શન માગે છે. આ યજ્ઞ તેનો ગુરુ બાળો હરગરો જ જાણે છે. તે આઠમો શંખોધ્ધાર (સેનેતરો) યજ્ઞ કરવાનો આદેશ આપે છે તે પણ દ્રૌપદી સંભળાવે છે. મારાં જ કર્મ મારે આડે આવ્યાં છે. તમે ગુરુના આદેશ અનુસાર જ કામ કરો.'' ગુરુ બાળા હરગુરની શરત પ્રમાણે ભીમ બળદ બને છે. પાંડવ મુંજ (એ નામનું ઘાસ) ની દોરડી વણી નાક ફાડીને નથ ઘાલે છે. ભીમ બળદ બનીને ગાડે જોડાય છે. પાંડવ ગંગા–ગોદાવરીના કિનારે ગુરુની ધૂપી પર આવે છે.

એ...ગાડુ સોરીન ઊભો રયો,...(રા
ગાડુ સોરન ઊભો રયો હો...રા...ઝી...
ગુરુ ભેંમા રે પાંડવન સારુ નાખે...(૨)
એ...સારનો પૂળો રે નાંખવા લગા હો...રા...ઝી
એ સારનો પૂળો રે ભેંમો ખાવે,...(૨)
દેખો માટિયો ઝગનાવાળા ખેલ હો...રા...ઝી
એ...દેખો એંકરાઈવાળા ખેલ...(૨)
ગુરાંનાં કોમ રે મોટા વાજે...હો...રા....ઝી

ગાડાથી છૂટીને ભીમ ગુરુ પાસે આવે છે. ગુરુ ઘાસ નાખે છે અને ભીમ ચાર પગે થઈને ઘાસ ખાય છે. ઘાસ મુખમાં રાખીને ગુરુના ચરણોમાં પડે છે. બાળા હરગુરાના ચરણોમાં સૂતો સૂતો ભીમ ચરણપાન (અંગૂઠો ધાવે છે) કરે છે. ગુરુ ભીમને ઊભો કરે છે. બાળો હરગુરો ગાડામાં બેસે છે. ભીમ બળદ બનીને ગાડુ ખેંચે છે અને લાંબામાર્ગે થઈને હસ્તિનાપુર આવે છે. વાજાં વાગે છે અને પાંડવ ગુરુનું સ્વાગત કરે છે. ચરણ પાન કરીને સ્પર્શે છે.

અહીં ગુરુનું ગૌરવ કરવાની સાથે સાથે ભીમ જેવા મહાપ્રતાપી પુરુષનો ગર્વ તોડી, તેને સહજ બનાવી સાધનાપથ પણ લાવવાની આ ઘટના વિશ્વાના મૌખિક સાહિત્યમાં સાચા અર્થમાં બેજોડ છે. અને આ કાર્ય ભીલ મહામાર્ગી જીવનદર્શન અને જીવનરીરિત જ કરી શકે.

## યુગલમહિમા અને યુગલધર્મ :

નિજારધર્મમાં નર અને નારીના મંગળ સ્વરૂપાની કામના કરવામાં આવી છે. આ પાટની

ધાર્મિક વિધિમાં યુગલ માટે 'જતિ–સતી' પરિભાષા પ્રયોજિત છે. પરંતુ બંને પતિ–પત્નિ જ હોય એવી આવશ્યકતા નથી. સાચા મહામાર્ગી અથવા નિજારીને દેહ ધર્મ ; દેહના ભેદ અને દેહના અધિકાર છોડવાના છે. દેહના ભેદ એટલે કે સ્ત્રી–પુરુષના ભેદ દેહના અધિકાર એટલે કે આ મારી સ્ત્રી છે અથવા આ મારો પુરુષ છે એવો 'માલિકી હડક' – 'માલિકીદાવો'. 'પાટ' માં બેઠા પછી ભૂલવાનું છે કે આ મારી પત્ની છે અને આ મારો પતિ છે. પાટમાં બેઠેલી સ્ત્રીઓ તેની વિધિના કોઈ તબકકે પોતાની કાંચળીઓ એક પાત્રમાં નાખે છે. ગુરુનો આદેશ થવાની સાથે પુરુષ પાત્રમાંથી સહેજરૂપે એક કાંચળી ઉઠાવે છે. જે સ્ત્રીની કાચળી હોય તેને તે પુરુષ સાથે યુગલધર્મ (દેહસંબંધ) નિભાવવો પડે છે. જારપ્રેમ – જારકર્મ (પર પુરુષનો પર સ્ત્રી દેહ સમાગમ) ના પૂર્વ અનુભવ પછી જ વિષયવાસના ને બાળીને સાચા નિ–જારી બની શકાય. સાચા અર્થમાં 'જતિ–સતી' બની શકાય સંસાર સંબંધવાળુ યુગલ તો એક જ જન્મનો સંબંધ સમજે છે, જયારે પાટ સંબંધનું યુગલ તો મૂળ પુરુષ સાથેના સંબંધ પૂરો થાય છે. જયારે મહામાર્ગી પાટના આ નિજાર દર્શનનો પ્રભાવ 'ભારથ' ની વાસુકિ અને દ્રૌપદીની પાંખડીમાં દેખી શકાય છે. આ પાંખડી (ઘટના–પ્રસંગ)માં દ્રૌપદી અને વાસુકિના જારપ્રેમની ઉત્કટતા અને પુરુષ સહજ અહં અને સ્વામિત્વ ભાવને ગળતો જોઈ શકીએ છીએ.

દ્રૌપદીના સુવર્ણકેશનો ભાર પૃથ્વી સહી શકતી નથી. આથી પૃથ્વી ફાટે છે અને સોનાનો વાળ પાતાળમાં સૂતેલા વાસુકિ રાજાની છાતી પર પડે છે. કેશના ધકકાથી વાસુકિનાગ જાગ્રત થાય છે. અને લાલાયિત થઈને સોનાના કેશવાળી (સુવર્ણકેશી) સ્ત્રીને શોધતો હસ્તિનાપુરના અંતઃપુરમાં આવી પહોંચે છે. રાણીવાસમાં અર્જુન અને વાસુકિ વચ્ચે દ્વન્દ્વ યુદ્ધ થાય છે. વાસુકિ અર્જુનને નીચે પાડીને છાતી પર ચડી જાય છે ; પોતાની મૂછના એક વાળથી અર્જુનના હાથ–પગ બાંધી દે છે. અને દ્રૌપદીની શૈયાની સામે ઊંધો લટકાવી દે છે. રાણી દ્રૌપદી તાંબાકુડીમાં વાસુકી રાજાને નવડાવે છે અને સોનાના થાળમાં જમાડે છે વાસુકિ શણગાર સજીને પલંગ પાસે આવે છે.

અહીં અર્જુનનો પુરુષ અહંકાર અને સ્વામિત્વભાવ ચકનાચૂર થઈ જાય છે અનેદ્રૌપદીનો જાર–પ્રેમ ભોગ–વિલાસ પછી બળીને ખાખ થઈ જાય છે. અને તે નિર્મળ–નિજાર થઈને શિવત્વ તરફ અગ્રસર થાય છે.

મહાપંથમાં નાથસંપ્રદાય તો પણ સમાવેશ થાય છે. નાથસંપ્રદાય સિદ્ધોની બે શાખા છે, ‘સહજયાની’ અને વ્રજજયાની’, ‘વજજયાની’ શાખામાં વિશેષ પ્રયોજન મૈથુનની છૂટ હતી. તંત્રની પરિભાષામાં ‘કુલ’ એટલે કે ‘શકિત’ અને ‘અકુલ’ એટલે કે ‘શિવ’ આ બંનેના મિલનની પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત તાંત્રિક જ ‘કૌલ’ આ રીતે સ્ત્રી–પુરુષના સ્થૂળ ધર્મોને પાર કરીને મિલનની અધિભૌતિક સર્વોચ્ચ એકતા પ્રાપ્ત નર–નારી જ સાચાં નિજારી ; સાચાં ‘બીજમારગી’ અથવા ખરા ‘મહામાર્ગી’.

‘ભીલોનું ભારથ’ અને ‘રોમ સીતમાની વારતા’ એ બંને કથાઓનો પણ મૂળ સર્વસામાન્ય સ્ત્રોતની કથાઓ અને તેના સ્ત્રીપાત્રોની દ્દષ્ટિએ સામ્યમૂલક અભ્યાસ કરતાં પણ આ બે વચ્ચેની ભિન્નતા પ્રગટ થાય છે. વાલ્મિકિ કે તુલસીમાં તેમ જ લોકરામાયણમાં જે છે તેનાથી કંઈક આપણી કડી કંઈક અંશે પણ મળતી આવે છે. પ્રાચીન બે મહાકાવ્યો તે રામાયણ અને મહાભારત તેમાં કવિતા છે, વાર્તા છે, ઈતિહાસ છે, ધર્મજ્ઞાન છે, નીતિચર્ચા છે, બધુંયે મહાકાવ્યોમાં છે. અને તેથી જ એ મહાકાવ્યોની ગંગોત્રીઓનાં પવિત્ર જળ હિંદી સમાજને હજારો વર્ષોથી પ્રેરણા આપી પાવન કરી રહયા છે.

મહાભારત જેમ રામાયણ એ કેવલ આર્યોની લોકકથા કે લોકગીત નથી ; એ તો સમગ્ર માનવકથાનું મહાકાવ્ય છે. એમાં સદાચારનું મહાસંગીત ગુંજે છે, સંતજનોનો સદ્બોધ એમાં ભરેલો છે. તેથી જ આ કથામાં મનુષ્યજાતનું મહાઆકર્ષણ છે, મહાકવિઓની પ્રેરણા છે, અખંડ કાવ્યરસનું વહેલું ઝરણું છે.

લોકમહાકાવ્ય એ એકલું કાવ્ય નથી, ઈતિહાસ પણ છે ભારત વર્ષનો ચિરકાલનો ઈતિહાસ એમાં બોલે છે. આમાં આર્યોની સાધના, આરાધના, સંકલ્પના, ઈતિહાસ આલેખાય છે. ઈતિહાસ–મૂર્તિ સમું આ કાવ્ય હિંદુનું મોટું કાવ્યધન છે. પ્રાચીન સમયથી માંડી આજના અર્વાચીન સમયની સંસ્કૃતિને પણ પ્રેરકબળ પુરુ પાડનાર બુદ્ધિવિકાસ, સામાજિક અને રાજકિય જીવન, ધર્મ અને તત્વજ્ઞાન એ બધાનાં ભાવનાભર્યા પ્રતિબિંબો ઈતિહાસની આરશી માં પડેલા જોઈ શકાય છે. તમામ વર્ણોને એકસરખી અસર કરનાર આ મહાકાવ્યમાં આર્ય સંસ્કૃતિનાં સનાતન સત્યનો ઈતિહાસ કોતરાઈ રહયો છે. તેથી જ સૌકા ઉપર સૌકા જાય છે છતાં લોકમહાકાવ્યનો કે કથાનો ભારતમાં સ્ત્રોત લેશ માત્ર પણ ક્ષણ થતો નથી.

લોકમહાકાવ્યમાં ભકિત, નિષ્ઠા, સ્નેહ અને વીરતા એ લાગણીનું પૂર હંમેશા ઉછળતું જોવા મળે છે. આ કાવ્યમાં કરુણ પ્રસંગ પણ જોવા મળે છે. જયારે સીતાને લક્ષ્મણ વનમાં છોડી આવે છે સપ્તઋષિનાં આશ્રમમાં રહી લવને જન્મ આપ્યો. આમ લોકરામાયણમાં જે સીતા છે તે કેવળ ઉદ્ભવની દષ્ટિએ જ નહીં, પણ તત્વત ! ભિન્ન છે. અહીં વાસુકિ પણ કેન્દ્રમાં છે. સીતાના જન્મમાં તેની સાથેની પાયાની ઘટના પાયામાં છે. મહાભારત કરતાં આદિવાસી કુંતા, દ્રૌપદી બધા જ મૂળભૂત રીતે જૂદાં જ પાત્રોનું આલેખન છે. સંસ્કૃતિકથામાં સીતા, કુંતા, ગાંધારી, દ્રૌપદી એ બધાં જ કોઈ ન કોઈ ધ્યર્થ, વિભાવના કે ધારણ બાંધવાનું નિમિત પણ છે. સતી કેવી હોય, કેવાં–કેટલાં દુઃખ યાતના વચ્ચે પણ તે પતિને સુખ–દુઃખમાં પ્રાકૃતિક રીતે પણ અનુરૂપ અને અનુકૂળ રહીને જીવે, એ બધું જ શેષ્ટ પ્રવાહમાં જોવા મળશે. નારી પાત્રો ત્યાં એક ખીંટી કે ટેકણ, જેને આધારે કોઈ વીકૃત એવી સાંસ્કૃતિક આદર્શની બાબતને ચરિતાર્થ કરી શકાય, મુખરિતને સ્વયંસ્પષ્ટ કરી શકાય.

નાગરિક ભદ્ર સંસ્કૃતિએ જોયું કે વંશવૃદ્ધિ અને ગૃહજીવન, કુટુંજીવન એ બધાની આધાર સ્ત્રી છે. આથી જ શુદ્ધિ અને સમજ, સહનશીલતા બધાંની એક પક્ષી અપેક્ષા સ્ત્રી પાસે જ રાખી. પુરુષ વ્યભિચારી બને તો વંશની શુદ્ધિ પર તેની કોઈ અસર ન પડે, પરંતુ સ્ત્રી જો અન્યકામા બને તો વંશશુદ્ધિ ન રહે. આ મૂળભૂત કારણે જ બધા જ સંસ્કૃત સમાજોએ સ્ત્રી માટે એકનિષ્ઠા અને સતીત્વ અનિવાર્ય માન્યાં અને અંધપતિની આંખે પાટાં બંધાવ્યા. પત્નીને પરાયાના આશ્રયે રહેવાનું થયું ત્યારે અગ્નિપરીક્ષા કરી ને છતાંયે લોકપવાદ થયો ત્યારે એનો ત્યાગ કરવામાં આવ્યો ! પાંચની સમાન પત્ની માટે ‘જે લાવ્યા છો તે વહેંચી ભોગવો’ એવી માતાની ઉકિતની કૃતક રચના કરવી પડી ! પાંચની પત્ની હોવા છતાં સતી છે એ સિદ્ધ કરવા માટે જાતજાતની કથાઓ દ્રૌપદી સાથે જોડવામાં આવી ! આ માંહેનું કોઈ આવું કૃત્રિમ તડજોડિયા પ્રકારનું નિરાકરણ આદિવાસી કથામાં જોવા નહીં મળે. જે જેમ છે અને જેવું છે, તેને સાહજિક રૂપમાં બીજી દંભને કૃતકૃતાની ગડભાંજ વગર આદિવાસી મનોવૃતિ સ્વીકારે છે ને સ્ત્રીને એની મહતા અને મર્યાદા છે તેમ સ્વીકારવાના દંભ વગર જ આલેખે છે. આથી આદિવાસી સીતાને પોતાના શીલ માટે નથી તો અગ્નિપરીક્ષા કરવી પડી કે નથી અપમાનિત થઈ ધરતીમાં સમાઈ જવું પડતું. તે સમગ્ર નગરજનો વચ્ચે ગૌરવ ભેર ગૃહપ્રવેશ કરે છે.

'ભારથ' માં પણ ગાંધારીને હસ્તિનાપુર લાવવા કોઈનો છળનો આશરો લેવો પડતો નથી. અને અંધ ધૃતરાષ્ટ્ર અને સતીત્વ સાબિત કરવા ગાંધારીને આજીવન આંખે પાટા બાંધવા પડતા નથી. 'જે લાવ્યા છો તે વહેંચીને ભોગવો' એવી કુંતી પાંડવોને નથી આજ્ઞા કરતી કે નથી તો દ્રૌપદીને પાંચ પતિ. અહીં દ્રૌપદીને યુધિષ્ઠિર, એક જ પતિ છે. ''અહીં અર્જુન જેવા વીરને વાસુકિ મૂછના દોરે બાંધીને, એની જ નજર સામે દ્રૌપદીને ભોગવે છે ! છતાં પત્ની ભ્રષ્ટ થયેલી છે એવો કોઈ પ્રત્યાઘાત અર્જુનમાં જોવા મળતો નથી. આમાં સૌદર્યનો પણ કોઈ ભાર નથી. જે છે તે સમજ છે. અને સ્ત્રીનો પણ સ્વાભાવિક રૂપમાં વ્યકિતત્વ સ્વીકાર છે આદિવાસી સ્ત્રોત સિવાય અન્યત્ર કયાંય નિરૂપણ શકય જ નથી.

આ બાબત તેમના લોકસાહિત્ય પૂરતી મર્યાદિત નથી. તેમની સાંપ્રત ગોઠિયા વિષયક જીવનરીતિમાં પણ સ્ત્રીની યૌન મુકતતા અને વ્યકિતત્વના સ્વીકારનાં સહજ દર્શન થાય છે. કન્યાના લગ્ન પૂર્વેના જાતિય સંબંધોના લીધે થયેલા સંતાનનો પતિ કોઈ પણ પ્રકારના નૈતિક કે સામાજિક છોછ વિના કન્યા સાથે સંતાનને પણ સ્વીકારે છે.

'ભારથ' માં વર્ણિત સ્ત્રી ચરિત્રો પર પિતૃસતાક સમાજના આદર્શો, ખ્યાલો કે માન્યતાઓનું કોઈ વિશેષ ભારણ ન હોવાથી યુધિષ્ઠિર અને પાંડવો પિતાના મોક્ષ માટેદ્રૌપદીના ચરણોમાં નમીને માર્ગદર્શન માગે છે અને તેની દેખરેખ નીચે સનેતરો યજ્ઞ કરે છે. કૃતક સંસ્કૃતિના ભારણથી મુકત એની આ વાસ્તવિક સમાજનાં મૂળ આદિવાસીઓની સાહજિકતામાં છે.

વાલ્મીકિ અને વ્યાસે સ્ત્રી અને તેના ચરિત્રને ગમે એટલા ઉચ્ચ આદર્શોથી મંડાણ કર્યુ હોત તો પણ પુરુષો હોવાના સંબંધે મન પ્રગટ કે પ્રસન્નરૂપમાં સ્ત્રી પુરુષની સંપતિ જ છે ! પુરુષના સ્ત્રી તરફના આ દષ્ટિકોણને લીધે જ મહાભારતમાં યુધિષ્ઠિર દ્રૌપદીને પોતાની સંપતિ માનીને ધૂતના દાવમાં મૂકે છે. પુરુષને મન સ્ત્રી જેમ એક સંપતિ છે, તેના પર માલિકીહકક કે અધિકાર છે તેમ સ્ત્રી તેને મન એક વિસ્મટા આશ્ચર્ય છે. સકુળ અને સંકુલ એવું તત્વ છે. આમાંથી જ સ્ત્રી વિશેના ચિત્ર વિચિત્ર ખ્યાલો અસ્તિત્વમાં આવ્યા અને કામણટૂમણ, મંત્રતંત્ર, દંભ, વિશ્વાસઘાત, કષ્ટ વગેરે અનેક રીતે સ્ત્રી સાથે જ સંલગ્ન થયા.

આદિવાસી સાહિત્યમાં વાહક સીધી ગતિએ જ વારતા કહેવાનું વલણ ધરાવે છે. આથી

આવી વાર્તાઓમાં આદર્શોનું ભારણ હોતું નથી. આદિવાસી સાહિત્યમાં પિતૃસતાક સમાજના આદર્શો ખ્યાલો અને માન્યતાઓના પ્રભાવ વિના સ્ત્રીના વ્યકિતતવનો સહજ નિખાર આવ્યો. છે તેનું મહત્વનું કારણ સ્ત્રીની સાહિત્ય અને જીવનમાં સહભાગિતા છે. આથી જ રોમ સીતમાની વારતાની સીતા, અહલ્યા, કૈકેયી અને ભારથની ચરિત્રોના સર્જનથી અલગ પડે છે. વાલ્મીકિ કે વ્યાસ જેવા શિષ્ટ મહાકાવ્યોના સર્જકોએ પુરુષના દષ્ટિકોણથી પતિભકિત, પતિપરાયણતા, સતીત્વ જેવા પિતૃપ્રધાન સમાજના ખ્યાલો, માન્યતાએ કે આદર્શો ચરિતાર્થ કરવા જ સ્ત્રી ચરિત્રોનું સર્જન કર્યુ છે. આથી સીતા, કૈકેયી, કૌશલ્યા, અહલ્યા, દ્રૌપદી, કુંતી જેવી સ્ત્રીઓ કૃતક આદર્શોના ભાર તળે દબાઈ છે; કચડાઈ છે. જેથી તેમના વ્યકિતત્વનો વિકાસ આદિવાસી સ્ત્રી ચરિત્રો જેવો સહજ કે સ્વાભાવિક થઈ શકયો નથી. રાજસ્થાનના ગ્રામ વિસ્તારના મધ્યકાલીન ક્ષામધર્મી વાતાવરણમાંથી જન્મેલાં સ્ત્રી ચરિત્રો તો વીરતાપ્રધાન પિતૃસતાક સમાજના કૃતક આદર્શોથી વધુ કચડાયાં છે; પીડાયાં છે અને યાતનાનાં ભોગ બન્યા છે. આ સ્ત્રી ચરિત્રો સામંતશાહી માનસ ધરાવતા પુરુષોના અહમથી વધુ કુકીત થયા છે.

આદિવાસી મૌખિક લોક પરંપરામાં સ્ત્રીના નીજના વ્યકિતત્વની વિશિષ્ટતા અને સામાજિક નૈતિક અન્યાય અત્યાચાર સામે વિદ્રોહ અને પ્રતિકાર પણ નારીચેતનાનું પ્રબળરૂપ છે. મહામાર્ગી પાટપૂજામાં સહભાગી સાધુ અતિથિઓની સેવામાં પત્નીને મોકલવાનું ધર્મ મનાયું છે. પણ ત્યાં અનૈતિક અને અવૈવિધક વ્યભિચાર સ્વીકાર્ય નથી. ભીલોનું ભારથમાં અતિથ્ય સત્કાર માટે ઈન્દ્ર સાથે આવેલી ઈન્દ્રાણીને સાધુએ કામુક શારીરિક ચેષ્ટા કરે છે. ઈન્દ્રારાણીને આ વ્યભિચારી કુચેષ્ઠા અસહય બની જાય છે. આથી તે સાધુઓ અને ઈન્દ્ર સામે વિદ્રોહ કરીને ઈન્દ્રપુરી ત્યાગીને પૃથ્વી પર હસ્તિનાપુરીમાં આવી અભિમન્યું ઘર માંડવા તૈયાર થાય છે. ‘‘દેખીતી રીતે અહીં ઈન્દ્રનું પગલું નાગરિક શિષ્ટ ધોરણની દષ્ટિએ કદાર કોઈને અનુચિત લાગે પરંતુ નારી વિભાવના એન ચેતનાની દષ્ટિએ અહીં બે બાબતો ખાસ નોંધવા જેવી છે. એક તો એ કે પાટપૂજામાં પત્નીની સેવા અતિથિને આપવી ગ્રાહય મનાઈ છે. ધર્મ મનાઈ છે, છતાં આવા અતિથ્યનો કોઈ દૂરાચાર માટે ઉપયોગ કરે, તો પત્નીને પતિની આજ્ઞા–ઈચ્છાનો ભંગ કરવાનો અધિકાર છે, તે મૂલ્ય પણ પ્રકટ થાય છે. અને બીજું પતિ ધર્મના નામે અને બહાને પણ જો કોઈ અનુચિત અપેક્ષા અને આગ્રહ રાખે તો નારી ચેતના

આવા અવહેલના–અપમાનને દામ્પત્યના ભોગે પણ સહી લેતી નથી. એનો અહીં સ્વીકાર પણ છે.

## રામકથાનું ચરિત્ર ચિત્રણ :

જયારે સીતાની શોધ કરતી વખતે ખિસકોલીએ રામને સીતાની ભાળ આપી રામે તેના શરીર પર આર્શીવાદ રૂપે આંગળોઓથી સોના જેવી રેખાઓ કરી. આ પ્રસંગ ગુજરાતના ભીલોની જેમ જ બિહારના બિર્હોર, બંગાળના સંથાલ અને છોટા નાગપુરના અસુર આદિવાસીમાં સમાન છે.

બગલાએ સીતાની ભાળ નહીં આપતાં રામ અને લક્ષ્મણનો તિરસ્કાર કર્યો આથી ગુસ્સે થયેલા રામે તેની ડોક ખેંચીને લાંબી કરી ભીલી રામકથામાં બગલાના સ્થાને આવળ અને ખાટી નેંબો છે. તેઓ પણ રામના ઉપાલંભના કારણે–લગ્ન સમયે જ કરમાઈ જવાનો શાપ પામ્યો.

હનુમાન સમુદ્રની મધ્યમાં રામ દ્વારા ચલાવેલા બાણ પર વિશ્રામ કરીને લંકા પહોંચે છે. આ ઘટના ભીલોની જેમ બિહોર અને સંથાલ આદિવાસીઓમાં પણ પ્રચલિત છે.

લક્ષ્મણ દ્વારા રાવણને મારવાની ઘટના ભીલ અને બિર્હોર આદિવાસીઓમાં પ્રચલિત છે. ‘રોમ સીતમાની વારતા’ પ્રમાણે રાવણનો જીવ સૂરજના રથમાં રહેલા ભમરામાં હતો. લક્ષ્મણ ઉકળતા તેલમાં ભમરો પાડીને રાવણને મારે છે જયોર બિહોર આદિવાસીઓની ઘટના પ્રમાણે રાવણનો જીવ તેના મહેલમાં રહેલી એક મંજૂષામાં હતો. લક્ષ્મણ અને હનુમાન બંને સાથે મળીને મંજૂષા ખોલીને રાવણના જીવને મુકત કરી રાવણનો વધ કરે છે.

વૈદિક સાહિત્યમાં વર્ણિત સીતાની જેમ મધ્યપ્રદેશની બૈગા અને ભૂમિયા અને ગુજરાના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાના ભીલ આદિવાસીઓની કથા પ્રમાણે સીતા કૃષિની અધિષ્ઠાત્રી દેવી સાથે સંબંધ ધરાવે છે. બૈગા અને ભૂમિયા આદિવાસીઓની કથા પ્રમાણે સીતાને છ આંગળીઓ હતી. એક કાપીને જમીનમાં રોપી તેનો વાંસ થયો તેની ગાંઠો (કાંડ) માં બધા પ્રકારના બીજ હતાં. આ વિસ્તાની રામકથા પ્રમાણે પણ સીતા પિતા પાસેથી ફકત ફૂલ–છોડના બીજની જ માગણી કરે છે, જે વનમાં રોપી ‘હરિયો’ બાગ બનાવે છે.

બિર્હાર રામકથા પ્રમાણે રાવણના અત્યાચારથી બચવા સીતાને જાદુથી પોતાના શરીર પર ફોલ્લા ઉત્પન્ન કર્યા. જયારે ભીલી કથા પ્રમાણે સીતા રાવણથી બચવા અને સતીત્વ

જાળવવા નાભિ સુધી પથ્થર ગોઠવી સમાય છે.

ભીલોની રોમ–સીતમાની વારતા ની જેમ બૈગા અને ભૂમિયા આદિવાસીઓના હનુમાન શિવના વીર્યથી ઉત્પન્ન થયાનો ઉલ્લેખ છે. જે લક્ષ્મણ મુર્છા વખતે રામને મદદરૂપ થાય છે.

બંને રામકથા રામ લક્ષ્મણનાં બાળપણ, ધનુવિધા કે બાળલીલા અંગે મૌન છે. રોમ–સીતમાની વારતા માં આ અવિવાહિત લક્ષ્મણે ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યુ હતું. માટે તે રાવણને મારવા સમર્થ અન્યો હતો.

ભીલી રામકથાની જેમ 'આદિ રામાયણ' માં શૂર્પણખાના વિરૂપણનો પ્રસંગ નથી. ભીલીકથામાં અને આદિ રામાયણમાં લક્ષ્મણ–સીતા બંનેના સંબંધ અત્યન્ત પૂજય ભાવ સિવાયના સ્વાભાવિક માનવીય સંબંધો છે. બંનેમાં રામ–લક્ષ્મણ અને સીતા નિ:સંકોચ વાતચીત તથા વ્યવહાર કરે છે. અરણ્યકાંડમાં એક સ્થાને રામ લક્ષ્મણને આજ્ઞા કરે છે કે સીતાને ઊંચકી નાવ પર ચડાવે તો રામને મર્યાદાનું પાત્ર માનવામાં આવેલ છે.

ભીલી રામકથાની જેમ આદિ રામાયણમાં પંચવટી (ભીલી કથામાં વનનો ઉલ્લેખ છે, પંચવટી નો નથી) માં એક જ પર્ણશીલા બનાવવાનો ઉલ્લેખ છે ; જેમાં ત્રણે સાથે નિવાસ કરે છે. સીતાહરણ સમયનું વાતાવરણ પણ બંને કથામાં લક્ષ્મણ એક જ પ્રકારના કરુ શબ્દો સાંભળીને રામની સહાયતા કરવા જાય છે.

ભીલી કથામાં રામ–લક્ષ્મણ અને હનુમાનની યેરિયા વાનરા સાથેની લડાઈ રામ વાલિ યુદ્ધની યાદ આપે છે રામ–વાલિ યુદ્ધ એ યેરિયા–વાનરા અને હનુમાનની લડાઈનું વિકસિત રૂપ લાગે છે. સુગ્રીવના ચરિત્રનું અહીં હનુમાનમાં અને વાલિના ચરિત્રનું અહીં યેરિયા વાનરામાં રૂપાંતર થયું હોવાની સંભાવના છે.

બંને રામકથાઓમાં હનુમાનની સીતા  શોધતા અનુસંધાને સરખું વર્ણન પ્રાપ્ત થાય છે. વાલ્મીકિ રામાયણમાં હનુમાને મુખ્ય રાક્ષસોના મહેલમાં તથા રાવણના અન્તપુરમાં સીતાની નિષ્ફળ શોધ કરી હતી. ભીલી કથા પ્રમાણે હનુમાન રાવણના વાદળ મહેલનો ખૂણે ખૂણો, અગાસી–અગાસી અને બારી–બારી જોઈ વળે છે પણ કોઈ સ્થાને તેને સીતા દેખાતી નથી. સીતાની શોધ માટે એક મહેલથી બીજા મહેલે અને બીજા મહેલથી ત્રીજા મહેલે ભટકી ભટકીને હનુમાન થાકે છે. બંને રામકથામાં મુદ્રિકા અર્પણ અને લંકાદહનના વર્ણનમાં ખાસ કોઈ તફાવત નથી.

અહીં ભીલી રામાયણની જેમ આદિ રામાયણ પણ મંદોદરી વિલાપ, સીતાની અગ્નિ–પરીક્ષા અને પુષ્પક વિમાનની ઘટના માટે મૌન છે. એ વેબર જેવા વિદ્વાવાનો આ ઘટનાઓને પાછળથી ઉમેરેલી માને છે. વાલ્મીકિ કૃત આ મૂળ સ્ત્રોતમાં સીતાત્યાગનો કરુણ પ્રસંગ નહોતો. રામકથા સુખાન્ત હતી. ભીલી રામકથામાં રામ સેના વૈકુંઠપુરીમાંથી આવેલા દડા પર બેસીને લંકામાં આવે છે, અને જતી વખતે ‘જળનો જોધો’ (હનુમાન પુત્ર) મકરધ્વજ પોતાની પીઠ પર બેસાડી રામની સેનાને સમુદ્ર પાર કરાવે છે.

ભીલી રામકથામાં સીતાનો ત્યાગ અયોધ્યામાં આવ્યા પછી માતા કૌશલ્યા અને સીતા (સાસુ–વહુ)ના કજિયાના કારણે થાય છે. માતાના આદેશથી રામ સીતાનો ત્યાગ કરે છે, અને લક્ષ્મણ તેને વનમાં મૂકી આવે છે. વાઘ વળી તેને સાત ઋષિ (સપ્તર્ષિ)ની ધૂણીએ મૂકી આવે છે. રામ સીતાની શોધ વનમાં બે ઘોડા મોકલીને કરે છે. રામાયણના ઉતરકાંડમાં વર્ણિત અશ્વમેઘનો પ્રસંગ ભીલી કથામાં બે ઘોડાના પ્રસંગમાંથી વિકાસ પામ્યો હોય તેની શકયતા છે. આ બે ઘોડાના પ્રસંગના અંતે રામનું પોતાના પરિવાર સાથે પુનર્મિલન થાય છે અને સીતા લોકસમુદાય સાથે વનમાંથી કાયમ માટે વાજતે ગાજતે ગૃહપ્રવેશ કરે છે.

આ કથામાં તાડકા, મંથરા, શૂર્પણખા, વિશ્વામિત્ર, વાલિ, સુગ્રીવ, અંગદ, મારીચ, સુબાહુ, અકંપન, મેઘનાદ જેવાં શકિતશાળી ચરિત્રોની સૃષ્ટિનો અભાવ છે. અહીં જટાયુ અને રાવણ કે રામ–રાવણ ના યુદ્ધનું કવિ કલ્પના પ્રચુર ભયાનક અને અદ્‌ભૂત વર્ણન નથી તો દશરથનો પુત્રેષ્ટિ યજ્ઞ કે નથી રામનો અશ્વમેઘ યજ્ઞ આ રામકથાના ચરિત્રો આધારો નોંધી શકાય છે.

આમ ગુજરાતમાંથી કંઠસ્થ પરંપરાની સર્વ પ્રથમ ભીલ આદિવાસી રામકથાનાં સંશોધિત પાઠ પ્રાપ્ત થાય છે. ત્યારે તેનું ભારતનું અન્ય રાજયોમાં વસતા આદિવાસીઓની કંઠસ્થ પરંપરાની રામકથાના મળતા કેટલાક પ્રસંગો કે ઘટનાઓ સાથે અને લિખિત પરંપરાની વાલ્મીકિ રામાયણ અને પરવર્તી લિખિત સામગ્રી સાથે તુલનાત્મક રીતે વિહંગાવલોકન કરતા ભીલી ‘રોમ–સીતમાની વારતા’ ના ઘણા બધા પ્રસંગો અને ઘટનાઓનું સાદૃશ્ય ભારતથી માંડી પૂર્વ–અગ્નિ એશિયા સુધી ફેલાયેલી રામકથાઓમાં પણ જોઈ શકાય છે.

ભીલ, સંથાલ, બૈગા, ભૂમિયા અને અસુર જેવી ભારતમાં વસતી અત્યન્ત પ્રાચીન આદિવાસી પ્રજાતિઓમાં પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથા અંગે અલ્પ પ્રમાણમાં થયેલાં

સંશોધન પણ એટલો તો આધાર નિર્દેશ આપે છે કે વાલ્મીકિએ ઈ. પૂર્વે. બીજી–ત્રીજી સદીમાં રચેલી લિખિત પરંપરાની રામાયણ પહેલાં પણ રામકથા અંગે 'રોમ–સીતમાની વારતા' જેવાં બીજા કંઠસ્થ પરંપરાનાં લોકાખ્યાનો અને લોકમહાકાવ્યો ભારતના જુદા જુદા પ્રદેશમાં પ્રચલિત હતા. આ આખ્યાનો કે લોકમહાકાવ્યો હજી સુધી આદિવાસીના આજના જીવાતા જીવનનાં મેલાં–ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો અને વિધિ–વિધાનો સાથે જોડાયેલા હોવાથી મંત્રોની જેમ તેઓના સ્વરૂપમાં ખાસ પરિવર્તન આવ્યું નહીં હોય. વાલ્મીકિના આદિ રામાયણની અને ભીલી 'રોમ–સીતમાની વારતા' ના ઘણા બધા પ્રસંગો અને ઘટનાઓની સમાનતા ના આધારે અનુમાન કરી શકીએ કે તેઓ લોકમાં પ્રચલિત કંઠસ્થ પરંપરાના રાજા વિષયક અને ઈન્દ્ર અને ગૌતમ જેવાં આખ્યાનો અને મહાકાવ્યોથી  પરિચિત હશે અને તેઓએ પોતાની લિખિત પરંપરાની આદિ રામાયણમાં ઘણી બધી ઘટનાઓનો વિનિયોગ કર્યો હશે. રામાયણના દક્ષિણત્ય પાઠમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નારદ પાસે કથાવસ્તુ સાંભળીને વાલ્મીકિએ રામકથાનું સંશોધન (અન્વેષણ) કર્યું. ''વાલ્મીકિનું આદિ રામાયણ કુશીવલો (ગાયકો) દ્વારા પહેલાં જનતામાં લોકપ્રિયતા પ્રાપ્ત કરવા લાગ્યું અને પાછળથી રાજ–દરબારોમાં તેનો પ્રવેશ થયો. આ બાબત પણ તે સમયે સમયે પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથા અને અન્ય લોકખ્યાનો તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે.

અહીં નારીના સ્વનિર્ણયની આવી સ્વતન્ત્રતા એન ખુમારી અનેક વાર્તાઓમાં જોવા મળે છે. ઝેળુને પરિસ્થિતિવશ રાણાની સાથે લગ્ન કરવા મજબૂત બનવું પડયું છે, પરંતુ તે યુકિતપૂર્વક રાણા સાથે ઘર માંડવાનું ટાળે છે. અને સાહસ કરીને પણ પોતાના પ્રેમી ભોજા પાસે જાય છે. અને તેનું ઘર માંડે છે. સામાન્ય રીતે શિષ્ટ અને નાગરિક પ્રવાહના સાહિત્યમાં નારી મોટે ભાગે પરિસ્થિતિને વશ વર્તની હોય છે અને ધર્મ, નીતિ, સામાજિક વગેરેનાં કારણે પડયું પાનું નિભાવી લેતી હોય છે. આ દૃષ્ટિએ આદિવાસીકથાની સ્ત્રીઓ વિશેષ ગતિશીલ, સકર્મક, અને પરિસ્થિતિનો પોતાની જાતે તેનો સામનો કરે છે. શામળની કથાઓમાં તેમજ સંસ્કૃત–પ્રાકૃતાદિ ભાષાઓમાં લિખિતરૂપ પામેલી કથાઓમાં નાયિકા મોટે ભાગે નિષ્ક્રિય હોય છે. તે પોતે પરિસ્થિતિ પાસે લાચાર બની જતી નિરૂપાય છે. આ સામે આદિવાસી કથાઓમાં વિશેષ ગતિશીલતા લાગે છે. લોકકથાની નાયિકા પણ એકલપંડે પરદેશ વેઠતી હોય છે. ત્યારે

સતીત્વના રૂઢ ખ્યાલને કારણે પુરુષવેશ ધારણ કરવો પડે છે. આદિવાસી કથાની નાયિકાને આવું કોઈ નૈતિક સામાજિક બંધન નથી.

## ‘ગુજરાંનો અરેલો એન રાઠોર વારતા’ ચરિત્ર ચિત્રણ :

ડો. ભગવાનદાસ પટેલ સંપાદિત લોકમહાકાવ્યોમાં રાઠોર વારતા, ગુજરાંનો અરેલો, ગલાલેંગ, હપિયા દે હોખલી, જગદે પરમારની વારતા જેવાં મૈખિક મહાકાવ્યોમાં વેરભાવના, વચનપાલન, ટેક, વીર અને શૃંગાર રસ જેવાં મધ્યકાલીન ક્ષાત્રધર્મ જેવાં તત્વો વધુ પ્રમાણમાં ભરેલાં છે તેનું મહત્વનું કારણ અડખે–પડખે વસતા સોખલા ગરાસિયા આદિવાસીઓનું સાંસ્કૃતિક આદાન પ્રદાન છે.

ભૂસ્તરની રીતે દુનિયાના એક પૂર્વકાલીન અરવલ્લી પહાડી પ્રદેશમાં ભીલ આદિવાસીઓ ઉપરાંત સોખલા ગરાસિયા આદિવાસીઓ પણ વસે છે. ભીલો કોબરિયા ઠાકોરના મેલા ધાર્મિક અનુષ્ઠાન સમયે પાડાનો ભોગ ચડાવી તેનું માંસ પ્રસાદ તરીકે આરોગે છે જયારે સોખલા ગરાસિયા પાડાનું માંસ ખાતા ન હોવાથી જાતને ભીલોથી ચોખ્ખી માગે છે. આ અર્થમાં તેઓ સોખલા(ચોખ્ખા) ગરાસિયા આદિવાસીઓ તરીકે ઓળખાય છે. તેઓ મધ્યકાળ કે રાજપૂત યુગમાં થયેલાં યુદ્ધોમાં હારીને ભયના માર્યા પહાડોમાં આવેલા વનના ઊંડાણ વિસ્તારમાં ભરાઈ ગયા હોવાનું મનાય છે. પોતાની જાતને રાજપૂત તરીકે ઓળખાવતા સોખલા ગરાસિયા આદિવાસીઓ ધીમે ધીમે પૂર્વકાલીન પ્રજાતિ ભીલ આદિવાસીઓના સામાજિક ધાર્મિક સંપર્કમાં આવ્યા છે. પરિણામે ભીલોની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ અને સોખલા ગરાસિયાઓની ક્ષાત્ર સંસ્કૃતિનું પરસ્પર આદાન–પ્રદાન થયું છે. આ ઉપરાંત ગુજરાતમાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓ અને સોખલા ગરાસિયા આદિવાસીઓનો સામાજિક અને ધાર્મિક સંબંધ રાજસ્થાન–મારવાડના ગ્રામ પ્રદેશમાં વસતા ભીલો અને સોખલા ગરાસિયા સાથે પણ છે. રાજસ્થાનના ભીલો અને સોખલા ગરાસિયા રાજપૂત જાતિઓમાં ગ્રામ પ્રદેશની પાસે વસે છે. આથી ક્ષત્રિય–રાજપૂત જાતિઓમાં સાંસ્કૃતિક સંસ્કારોની અસરો ભીલ અને સોખલા ગરાસિયા આદિવાસીઓના મૌખિક સાહિત્ય પર થઈ છે. વળી સોખલા ગરાસિયા એ હારેલા રાજપૂત કે રાજવંશના સામંતો હોવાને લીધે નગરસંસ્કૃતિના અંશો પણ આનુવંશિક રૂપે ઉતરી આવ્યા છે. આની અસર ભીલસંસ્કૃતિ અને તેના મૌખિક સાહિત્ય પર પણ થઈ છે.

આથી ભીલ આદિવાસીઓનાં પ્રાગૈતિહાસિક, પ્રકૃતિધર્મી તત્વો અને મધ્યકાળનાં ક્ષાત્રધર્મી તત્વોનાં સંમિલનમાંથી ગુજરાંનો અરેલો, રાઠોરવારતા, હપિયાદે હોખલી જગદે પરમારની વારતા જેવા લોકમહાકાવ્યો આવિર્ભાવ પામ્યા છે. તેમાં પણ ગુજરાંનો અરેલો અને વિશેષ તો રાઠોરવારતા બે ગોત્રોની પેઢીમાં ઉતરની વેરભાવનમાંથી જન્મેલાં મૌખિક મહાકાવ્યો છે. વેરભાવના દૂર પેઢીમાં ઊતરતી હોવાથી બે ગોત્રના ક્ષાત્રધર્મનાં લક્ષણો ધરાવતા ક્ષાત્રવીરોની ચડાઈઓ અને યુદ્ધોના વર્ણનો વિશેષ પ્રમાણમાં છે. આ વેરભાવનાને 'અળખું', 'દેવોલ' અને 'તેમાં' જેવી હૃદયમાં સતત જાગ્રત રાખી વીરોને વેર લેવા અને યુદ્ધ કરવા પ્રેરતી રહે છે. આથી અહીં સ્ત્રીઓની કુટિલતા વિશેષ પ્રગટ થઈ છે. અળખું પોતાની પિયરની શ્રેષ્ઠતા સાબિત કરવા વહુ તેમાને તેના ભાઈઓ ચાંદા–પાબુ રાઠોરને કાયર–ચોર–લુંટારાનો ઉપાલંભ આપી ઉશ્કેરે છે અને તેમના પોતાના સગા ભાઈ શૂરા–સજમોલનાં મસ્તક કપાવે છે. તેમાં બહેન પોતાના પતિ જેદરા ખેંસીને દહેજ લેવાના બહાને નીજના ભાઈ પાબુ–ચાંદા રાઠોર વિરુદ્ધ ઉશ્કેરીને સગા ભાઈઓને મરાવે છે. ત્યારે પછી પોતાના ભત્રીજા જબરાને પતિ જેદરા ખેંસી વિરુદ્ધ ઉશ્કેરીને મરાવી સહર્ષ વૈધવ્ય વહોરે છે. ત્યારે સ્ત્રી હૃદયની કુટિલતા પરાકાષ્ટાએ પહોંચે છે.

આમ ભીલોની આરંભની ધરણ ને મનખા અવતાર અને દેવરાની વારતા જેવી પુરાકથાઓમાં ઉમિયા, અંબાવ, કુવારકા જેવી દૈવીસ્ય પામેલી દેવીઓ છે. રોમ–સીતમાની વારતા, ભારથ જેવાં મહાકાવ્યોમાં મહામાર્ગી જીવનદર્શનમાંથી આવિર્ભાવ પામેલી સીતા, દ્રૌપદી, કુંતી, સુભદ્રા જેવી સ્ત્રીઓ પોતાના વ્યકિતત્વનો સહજ વિકાસ સાધે છે. અને માર્ગદર્શક બની પુરુષ સમાજ પર શાસન કરે છે. જયારે ગુજરાંનો અરેલો, રાઠોરવારતા જેવાં ક્ષાત્રધર્મી મહાકાવ્યોમાં આવતી, આળખું, તેમાં દેવોલ જેવી સ્ત્રીઓમાં વેરભાવના અને રાજખટપટોના લીધે છળ અને કુટિલતાનો વિકાસ સવિશેષ થયો છે.

દિવ્ય ગાય સાબોર, વિવિધ ખંડોના કથાનુસારી પ્રતિકાત્મક પગથિયાં, સાલોરનું પૃથ્વી પર આગમન, ડામોરને આવેલું સ્વપ્ન, વાડા બહાર વનમાં રહી ગયેલી ગાયોમાંથી હરણ–સાબર બનવું વગેરે પુરાકથાનું વાતાવરણ બાંધે છે. રાજસ્થાનની બિસ્નોઈ જાતિ હરણ–સાબરને દેવી રક્ષિત અવધ્ય પવિત્ર માને છે તેનું કારણ અને તે પાછળની પુરાકથાનાં પાત્રોનું વર્ણન છે.

અહીં સાલોર ગાય ડોશી વેશે ગંધાતી, ખાટી, માખી ભરેલી છાશ લઈને આવી અને તે ધૃણા વગર પીને ભોજાએ પોતાની માલધારી તરીકેની યોગ્યતા સિદ્ધ કરી. આ ઘટક અન્ય લોકકથામાં પણ જોવા મળે છે. વાઘજીએ શરત પ્રમાણે પોતાના પુત્રને બાર વર્ષની વયે પહોચ્યા છતાં સપૂરાની ધૂણીએ ન મોકલતાં સપૂરો વાછડો બનીને ગાયો ધાવી ગયો.

રખમા રાઠોડણ અને સાઢુ ખટિયાણી જેવી ગુર્જર સ્ત્રીઓનાં ડહાપણ, વ્યવહારસૂજ દક્ષતા અને ચતુરાઈ, માલધારી કરતાં તેની પત્ની વિશેષ ચકોર હોય છે એવી વ્યાપક લોકમાન્યતા 'ડાહીના ગાંડા અને ગાંડીના ડાહીયા' માં છે, તેનો જ અહીં પ્રતિઘોષ છે. રાજા હરિઓમને શોધનાર અને અંધતાથી મુકત કરનાર પણ એની પત્ની છે. કથક એને પણ રખમા રાઠોડણ કહે છે અને રાઠોડ, ખાંટ, ગુજર, રાણા વગેરેના જાતિજ્ઞાતિના ઉલ્લેખ જોવા મળે છે.

અહીં મેહોની પત્ની રખમા રાઠોડણને કાળી–વાદળીની ભણેલી કહી છે. વંશની પડતીનું બીજુ કારણ દારૂની ઘટનામાં રહેલું છે. મદથી છકેલા ગુજરોના વર્તનમાં તો આ કથા ચોટદાર બને છે. અંગુઠાના દબાણે દારૂ શેષનાગ (વાસંગી) ના મોઢામાં પડવો અને માથા પરની ધરતી ધ્રુજવા લાગી અને મૂછના ઉછાળે દારૂનું સ્વર્ગમાં પહોંચવું અને ભગવાનનું કોમાયમાન થવું ! કેટલું ચોટદાર નિરુપણ ! માનવીની સતાંધ ધૃષ્ટતા એન મદ તથા મધની અંધતા દેવાં અનિષ્ટ આચરે અને એનાં કેવા ભયંકર પરિણામ આવે છે, તે આ મહાકાવ્ય દર્શાવે છે.

અહીં ભૂખિયાદેવીનું પાત્ર પણ પુરાકથાનું જ છે. સિંદૂરિયોવડ અને પાંદડે–પાંદડે નવ કરોડ દેવીઓનું કલ્પન પણ એ કુળનું છે. રુદ્રનું ઉગ્ર અને લય કરનારું રૂપ, રોગ–ભૂખ–મરકી જેવી મહામારી ફેલાવતી દેવીઓનાં કલાનો વ્યાપક છે. પશુપતિ રુદ્રને આર્યધર્મમાં સ્વીકાર્યા અને પુરાકાલ્પનું 'શિવ' રૂપે શુદ્ધિકરણ થયું, જેનો વ્યાપક અને ખુલ્લો પ્રભાવ રુદ્રીના પાંચમાં નામસ્કિયાના આધ્યાયમાં જોવા મળે છે. દેવીના પુરાકલ્પનનું જે સૂક્ષ્મ વત્સલ રૂપ છે. તે રાત્રિસૂકત અને દેવીસૂકતમાં છે. ભૈરવ, કાપાલિક, શર્વાદિનું પુરાકલ્પન પરિશુદ્ધ બન્યું અને ઉગ્ર દેવો અને ઉપાસનાનાં સ્વરૂપ બદલાયાં કાલી, મેલડી, અન્ય સ્વરૂપે લોહીથી ખપ્પર ભરીને દેવી તૃપ્ત થાય છે, તે વિચારધારા ન બદલાઈ. સીતાસ્વયંવરમાં શિવધનુષ્યનો ભંગ વિશિષ્ટ પ્રતીક છે ઉગ્રદેવની ભકતો તરફ દયાની કલ્યાણકારી દૃષ્ટિ અને ઉગ્રતાનો લોપ એટલે

ધનુષ્યભંગ.

આ કથામાં ભૂખિયાદેવીનું વિશિષ્ટ અને અત્યંત પ્રભાવક કારક–મારક એવું પાત્ર છે. 'જર, જમીન અને જોરુ' ન્યાયે સ્ત્રી જ વિનાશનું કારણ બને છે, આ કથાસંલગ્ન એવી ભોજા–ઝેળુની પ્રેમકથા જ ભૂખિયાદેવીની અવતારકથા તરીકે ગુજરોના વિનાશનું પ્રભાવક અને ક્રિયાત્મક કારણ છે. આ કુળની કે એનાં વિવિધ રૂપાંતર ની કથા મળે. સ્વતંત્ર કથા તરીકે અત્યંત રોચક એન સબળ કાઠું ધરાવતી આ પ્રેમકથા છે. વેર કે સજારૂપે પ્રયોજાય તો છે પ્રેમકથા અહીં ભૂખિયાદેવીનો અર્ધદેહ પથ્થરની શિલા બને છે. અને દુકાળમાં ગળાતા કૂવામાં પાણી ન આવતા ગુજરોને વતન છોડવું પડે છે. બાકીનો અર્ધદેહ હિયોર હોઢાના રાણાની કુંવરી ઝેળુ તરીકે અવતાર લે છે.

આમ ગુજરાંનો અરેલો ડો. ભગવાનદાસ પટેલ, ૧૯૯૩ ની આવૃતિ મુજબ સમર્થ, સક્ષમ એવું લોકમહાકાવ્ય છે. આ કથાનું લાક્ષણિક નવું, અભૂતપર્વ અને અદ્‌ભૂત કથાપાત્ર અને કથાનક તે દિવ્ય સાલોર ગાય અને તે સાથે કડીરૂપ બનેલ લોકાખ્યાન 'ગુજરાં નો અરેલા'માં જોવા મળે છે.

## 'રાઠોર વારતા' અને ચરિત્ર પરંપરા :

રાઠોર વારતા પ્રાચીન પરંપરાઓનું પાલન રાજસ્થાનની ગ્રામ સંસ્કૃતિની વિશેષતા છે. પ્રદેશ વિશેષમાં પ્રચલિત પ્રાચીન આદર્શ ત્યાંના ગ્રામ સામાજિક જીવનને અનુરૂપ હોય છે ; અને તેની યર્થાથતા અને અભિવ્યકિત તેના મૌખિક સાહિત્યમાં થાય છે. રાજસ્થાનની પિતૃસતાક વીરસંસ્કૃતિ અને પરંપરાનું સજીવ ચિત્રણ ત્યાંની બગડાવત–દેવનારાયણ અને પાબુજી જેવી લોકગાથાઓમાં થયેલું જોઈ શકાય છે.

ભીલલોકકથામાં લેવામાં આવેલ લગડાવત તો રાજસ્થાનની મધ્યકાલની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી આવિર્ભાવ પામી હોવાથી તત્કાલીન ક્ષાત્રધર્મી લક્ષણો વધુ સ્પષ્ટ રીતે તરી આવે છે. તત્કાલીન રાજપૂત કે ક્ષત્રિય સમાજ પિતૃસતાક, પિતૃવંશીય અને પિતૃસ્થાનીય હતો. વળી તે સમય આદર્શોના નિર્વાહ માટે વૈયકિતક જીવનનું બલિદાન અને યુદ્ધોનો હતો. આથી બગડાવત, દેવનારાયણ, પાબુજી જેવાં પુરુષ ચરિત્રોની સાથે જયમતી, હીરા દાસી, સાઢુ ખટિયાણી, રખમા રાઠોડણ જેવાં સ્ત્રી ચરિત્રો પ્રાચીન અને તત્કાલીન પરંપરાઓ અને

વચનપાલન, શરણાગત રક્ષા, અતિથિ સત્કાર, દાનશીલતા, સતીપ્રથા, ગોરક્ષા, ગુરુ ભકિત જેવાં મૂલ્યોનો નિર્વાહ કરે છે. આ લોકકથામાં વીર પુરુષોના ચરિત્રોનો પ્રભાવ વ્યાપેલો હોવાથી સ્ત્રી ચરિત્રો અહીં નિસ્તેજ લાગે છે. આ સામંતયુગીન બગડાવત અને પાબુજીની ગાથાઓનાં ક્ષાત્રધર્મી તત્વોની વતી ઓછો અસર ગુજરાંનો અરેલો અને રાઠોરવારતા પર પડી છે અને ગુજરાંનો અરેલો અને રાઠોરવારતાના આદિવાસી પ્રકૃતિધર્મી તત્વોની અસર બગડાવત અને પાબુજી ગાથા પર પણ પડી છે.

બગડાવત કે પાબુજી ગાથા કોઈ ચોકકસ પુરુષ સર્જકની કૃતિ હોવાની શકયતા છે. આદિવાસી લોકમહાકાવ્યોના સર્જનના અનુષંગે વિચારીએ તો પુરુષ જેટલી સહભાગી સ્ત્રી પણ છે. તે અહીં 'રાઠોર વારતા' ના ચરિત્રો પરથી જાણવા મળે છે. સદીઓથી ચાલી આવેલી રામાયણ–મહાભારત કથા સરિત્સાગરની પરંપરાની યાદ અપાવે છે. ચટાકેદાર મનોરંજનાત્મક, 'પછી શું થયું' પૂછવાનું થયા કરે એવી આ રાઠોરવારતા જગપ્રસિદ્ધ રોમાન્સોની હરોળમાં આવી શકે એવી છે સમાજના બધા જ થરતા લોકો વારી જાય એવી કેટલી બધી સામગ્રી અહીં જોવા મળે છે. ગુજણિયા અને જાયેરિયાનાં રાજયો વચ્ચે બંધાયેલા પેઢી દર પેઢીના વેરની કથા છે.

અહીં એક રાજા ધાંધલ અને રાજા કાળુ દુકાળથી ત્રાસીને રાજા કાળુ ધાંધલ પાસે આશરો માગે છે અને દિલનો દરિયાવ રાજા ધાંધલ કાળુને, એની પ્રજાને, ગાયોને આશરો આપે છે. દુકાળના દિવસો પૂરા થતા ધાંધલ રાજાને ત્યાં એક માળી, સાવ ગરીબ, કાળી મજૂરી કરવા છતાંય નસીબ સાથ આપતું નથી. કોણ દયા કરે ? મહાદેવને આવી દયા. માળીને સપનામાં આવી દશરન દીધા માળા સૌથી પહેલાં મહાદેવને ચઢાવીને રાજા પણ આપવી. પણ માળણ આ શરત પાળતી નથી. એટલે મહાદેવ તો ખિજાયા, સુવરનો વેશ લીધો, બાગ આખો ઉજ્જડ કરી મૂકયો. માળણને જમીનદોસ (ભોંય ભેગી) કરી નાખી.

અહીં દેવોલનું ચરિત્ર કરુણતા ભરેલું છે. પ્રજાના જાનમાલનું રક્ષણ કરવું પડે એવું વિચારી રાજા સૂવરનો શિકાર જાય છે. પણ આ તો મહાદેવ હતા. રાજાને આમ તેમ ઘૂમાવીને અંતે રાજા થાકી જાય છે. રાજા પ્રતિજ્ઞા કરે છે, ગમે તેમ થાય સૂવરને મારીને જ રાજયમાં આવીશ. એમ કરતો એક રાજા મહાદેવના મંદિરમાં આવી ચઢયો. થાકેલો હારેલો,

ભૂખ્યોતરસ્યો રાજા છેવટે બધું ભુલી જઈને પૂજા કરવા બેસી ગયો. બેઠો બેઠો તે પૂરાં બાર વરસ પૂજા કરતો બેઠો. તોયે આ તો મહાદેવ ના રીજયા તે ના જ રીજયા. પણ ત્યાં એક શિકારી આવ્યો, એટલામાં તો ગાયોના વાડાના મોઢે લોહીમાં ડૂબેલા ભીમ ચારણની રાતી પાગનું ફૂલ (છોગું) નજરે પડે છે. તે નીચે બહાર કાઢે છે. તેના દેહશૌષ્ટવનું વર્ણન વીરતાપ્રધાન બત્રીસ લક્ષણા પુરુષનું કરવામાં આવેલ છે. તેણી માથું ખોળામાં લે છે અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે. વિલાપ કરીત પોતાના સાડલાના છેડેથી ધૂળ સાફ કરે છે, અને કહે છે ‘મારા દેશના દીવા, ઘરના વાઘ ! આપણી બની બનાવેલી જોડી તૂટી ગઈ ! જગમાં ખોટું થયું કામ ! દેવોલ છાતીઓ કૂટે છે અને ઝૂરે છે.

અહીં વીર પાબૂ ભાલારોનું મુખ્ય પાત્ર પાબૂ રાઠોડ છે. તે એક ધીરોદાત અને ઐતિહાસિક પાત્ર છે. તેમનામાં વીરતા, વચન બદ્ધતા, નેતૃત્વ, ઉદારતા, જેવા ગુણો છે જે તેમને એક મહાન વ્યકિતના રૂપમાં પ્રતિષ્ઠિત કરે છે. વીર પાબૂ ભાલારો ચરિત્રામાંથી ઊપાસના પાબૂજીના વ્યકિતત્વમાંથી કેટલાક વિશિષ્ટ ગુણો મળી આવે છે. તે આ મુજબના છે.

૧. પછાત જાતિઓના રક્ષક પાબૂજી

૨. પશુઓના રક્ષક પાબૂજી

૩. સ્ત્રીઓના રક્ષક પાબૂજી

૪. વીર પાબૂજી

૫. આદર્શ પુરુષ પાબૂજી

૬. લોકનાયક પાબૂજી રાઠોડ

પાબૂજીએ ભીલોને અપનાવ્યા એટલું જ નહીં, ભીલોની સાથે એકરૂપતા તેમણે સાધી છે કે એ ભીલોની પોતાનાથી અલગ નથી માતા. પાબૂજી રણમેદાનમાં ઘાયલ થઈને પડયા હતા. ત્યારે ધર્મની બહેન દેવલ ચારણી પાબૂના શરીર પાસે દોડી આવે છે. પાબૂને જોતા હૈયાફાટ રડી પડે છે. ત્યારે પાબૂ કહે છે – ‘દેવલ, મોત માથે આંસૂડાં પાડીને મારા મોતને બગાડ માં મને એ કહે કે મારા સાથીઓ ચાંદો, ઢેમ્બો કયાં છે ?’’

દેવલ પાબૂજીને કહે છે કે એકસો ચાલીસ ભીલ સાથીઓ તારી પાસે વેતરાઈને પડયા છે અને ભીલ સરદાર ચાંદોજી તો તારી પાસે જ છે. પાબૂજી પોતાના ભીલ સાથીઓને જોવા

આંખ ફેરવે છે. પણ ગરદનનો જખમ ગરદનને ફેરવવા દેતો નથી. પાબૂજી પોતાનો હાથ ચાંદોજીને સ્પર્શવા લંબાવે છે પણ ચાંદાને સ્પર્શી શકતો નથી. જેવા પાબૂજી ગરદન ફેરવવા મથે છે, ત્યાં જ રુધિરની ધારા ભીલો તરફ વહે છે. દેવલને લાગે છે કે પાબૂજીને રૂધિર ભીલોની હારે મળી જશે ? એ ઊઠીને પાબૂજી લોહીની આડે પાળ બાંધવા જાય છે, ત્યાં પાબૂ કહે છે.

''દેવી દેવળ દોડ નૈં, પિંડ મેં કીધી પાલ
રૂધર રહે નહીં રોડિયો, ખળક વળોવળ ખાળ
ભાલાળો ભાખેહ, સાંભળ દેવળ દે સગત
રૂધર મતી રાખેહ, મિળવા દે ભીલો નહીં
મૌત આધે માનવ મરે, નીચ ઊંચ મન નેક
પિંડ આંગણ જૂજે પડે, ઊણમેં છોત ન એક.''

'હે દેવળ દે, દો નહીં મારા પિંડ આગળ પાળ કરીશ નહીં. મારા લોહીને ભીલોની સાથે મળવા દે. મન કોઈ ઊંચ નથી – નીચ નથી મારા પિંડ પાસે પડેલા ભીલો મારે મન અછૂત નથી.

પાબૂની સર્વ જાતિ પ્રત્યેની આ સમાન ભાવનાને કારણે મારવાડની પછાત જાતિઓમાં પાબૂ પૂજય જ નહીં, પણ ઈષ્ટદેવ તરીકે માન્ય બન્યા છે. એટલું જ નહીં તેમાંની કેટલીક જાતિઓ પાબૂના તરીકે માન્ય બન્યા છે. એટલું જ નહીં તેમાંની કેટલીક જાતિઓ પાબૂના 'પવાડા' ગાય છે અને ગવડાવે છે. મારવાડીમાં પણ આ પ્રસંગને માટે એક ગેય પંકિત આમ ગાય છે.

''ઓ રગત મિલ જાવણ દે સાંવરા રે રગત માંય...

ભારતભરમાં જયારે ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય હતો. પશુધન સર્વશ્રેષ્ઠ ધન ગણાતુ હતું. કોઈપણ ગામ ઉપર આક્રમણ થાય ત્યારે ખેતીનો નાશ કરીને પશુધન લૂંટી જવામાં આવતું હતું. મારવાડની મરુભૂમિમાં તો ખેતી કરતાં પણ પશુ ઉપર સામાન્ય જનજીવનનો મોટો આધાર હતો. એવા સમયે પાબૂજીને દેવચારણીનું લૂંટાયેલું ગૌધન પાછુ વાળીને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તરીકેના ક્ષત્રિયોના બિરુદને વધુ એક વખત સાર્થક કર્યુ અને તે માટે પોતાનું અમૂલ્ય બલિદાન આપીને પશુરક્ષક તરીકે નામના મેળવી.

ગાયોની પાછળ જાતને ન્યોછાવર કરી નાખનાર વ્યક્તિને દેવાંશી માનીને તેની પૂજા કરવી એ હિન્દુ સમાજની આગવી ખાસિયત છે. પાબૂજીને ગાયોની જેમ દેવલ ચારણીની ઘોડી કેસર કાલવીનું પણ જીવનભર રક્ષણ કર્યુ છે. જો 'કેસર કાલવી' દેવલ ચારણીએ પાબૂજીને ના આપી હોત તો દેવલ એને સાચવી ન શકત. આમ પશુઓના રક્ષક તરીકે પાબૂજીનું એક વિશિષ્ઠ સ્થાન તત્કાલીન સમાજમાં ઊભું થયું.

વીર પાબૂ ભાલારોમાં પાબૂજીને સ્ત્રીઓના રક્ષક તરીકે પણ વિશિષ્ટ સ્થાન મળ્યું છે. પોતાની બહેન સોનબા ઉપર દેવડા ચૌહાણનો ત્રાસ વધે છે, ત્યારે એ બહેનને બચાવવા દોડી આવે છે. પછી બહેનના હેવાનણ અને બચાવવા એ દેવડા ચૌહાણને જીવંત જાવા દે છે.

દેવલ ચારણીને ધર્મની બહેન બનાવે છે એ પછી જયારે જયારે દેવલ ચારણી ઉપર આપતિ આવી પડે ત્યારે ત્યારે એ દોડી આવે છે. અને બહેનને કારણે જ એ લગ્ગની વેદીમાંથી છેડાછેડી ચીરીને ગાયું વાળવા દોડી આવે છે અને પોતાનું બલિદાન આપે છે.

ઉંમરકોટની ફૂલકુંવરની સાથે પાબૂજીની સગાઈ થાય છે. સોંઢા અને રાઠોડોના જૂનાં વેર હોવાથી પાબૂજી પરણવા નહીં આવે તેવું મનાય છે. ઉંમરકોટની ફૂલકુંવરી અફીણનો વાટકો ઘોળીને તૈયાર રાખે છે. પાબૂજીના મોટાભાઈ બૂડાજી જાનમાં આવવાની ના પાડે છે. કોઈ સાથે નથી આવતું ત્યારે પાબૂજી ભીલોને લઈને પરણવા જાય છે. દેવલ ચારણી ના પાડે છે. અપશકુન થતાં ભીલ સરદાર ચાંદો પણ પરણવા જવાની ના પાડે છે, ત્યારે પાબૂજી કહે છે –

''નપડી મૌત હમેં નેહઢી, સુપિયાર રખૈ કિમ તેલ ચઢી ?''

''હે ચાંદા સરદાર, અપશુકન થાય છે. મૃત્યુ આવે નો ભલે આવે. પણ સુપિયારદે ને મારા નામનું તેલ ચઢી ગયું છે, એને તેલ ચઢી કેમ રાખુ ?''

જીંદરાવ ખીંચી ની સાથે લડતાં લડતાં અનેક એવા પ્રસંગો આવે છે કે જયારે પાબૂજીની તલવાર એના ગળા ઉપર પહોંચી હોય. પણ પોતાની બહેનનો ચૂડો નંદવાઈ જશે, એવા વિચાર સાથે એ જીંદરાવને હર સમયે બચાવે છે. ચાંદાને પણ મારતાં અટકાવે છે.

ઘોડી ઉપર અસવાર ને હાથમાં ભાલો એ પાબૂજીની આવવી ઓળખ છે. પાબૂજીની વીરતાના અનેક પ્રસંગોને અહીં વણી લીધા છે.

મિરજાસાયર નામનો માથાભારે સિંધી મુસલમાન જયારે સાંઢોને હરી જાય છે. ત્યારે પાબૂજી છોડવવા જાય છે. એન મિરજાસાયરને મારીને સાંઢવું પાછી લાવે છે.

‘‘નરહાં સમંત નીચ, અસલી ન ખોસે અકસ
વળતો પાટણ વીર પાબૂ મિરજો પકડિયો.’’

પાબૂજી પોતાના સાત ભીલ સાથીઓ સાથે ગુજરાની ધરતી ખૂંદી વળ્યા હતા. રસ્તામાં તેમને કોળી, સોઢા જત અનેક પ્રકારના રજવાડાં મળ્યા છે. એ માટે અહીં એક છપ્પા દ્વારા ક્ષત્રિય ધર્મનો ધબકાર શું હોઈ શકે તેની લલકાર માટેનો છપ્પો છે –

‘‘અલવાણી અપાર મિલૈ કોળી મૂંછાળા
સોંઢા મિળિયા સરસ વલે બોલાવે વાલા
‘‘જત નાયક જોઈયા વેઢ ઘાયક વઢેલા
કાડી, વાઘેલા, ઝાલા, કમંદ ભૂજા ભીંત ભુર જાળરી
ધમસાંણ કહક કીધા ગજબ પાલ ચાઢ રાય પાલરી.

‘‘પાબૂ ડોડરાજવી ઉપર હુમલો કરે છે ત્યારે ડોડરાજવી પાબૂજીને કહે છે ! ‘‘પાબૂજી, જો કહયું હોત તો મારી રાજગઢમાંથી ઘોડા અને સાંઢું દેત...

‘‘ડોડના રાજવી હું માગણ નથી. હું તો અસલ સૂર્યવંશી રજપૂત છું. આજ હું ડોડને લલકાર આપું છું. શસ્ત્રો ઉઠાવો, રાજવી ?

લગ્ન કરવા જતાં અપશુકન થવા લાગ્યા ત્યારે પાબૂજીને પાછા ફરવા માટે કહેવામાં આવે છે, ત્યારે પાબૂજીએ કહયું – ‘‘યુદ્ધ અને મૈત એ ક્ષત્રિયોનો ધર્મ છે. ક્ષત્રિયાને નાતે હું યુદ્ધ કરીને મંગલમય મૃત્યુને આલિંગન કરીશ.’’ લગ્નની ચોરીમાં ગાયું હરાયાના સમાચાર સાંભળીને પાબૂજીનું ક્ષાત્ર તેજ ઝળકી ઊઠયું – પાબૂજીએ એક જ ઝટકે છેડાછડી તોડી નાખી. અને ફુલકુંવરી છોડીને રણમેદાન તરફ પ્રયાણ કરે છે. ત્યારે સોંઢા કુંવરીએ કહયું – ‘‘રાઠોડ રાજ ઊભા રહો.’’ એ સમયે ઉઠાવેલો પગ અધ્ધર જ રહી ગયો. પાબૂની આંખમાં ખુન્નસ છવાઈ ગયું. ગળું ફાટી જાય તેવા અવાજે પાબૂજીને કહયું – ‘‘ફટ છે સોંઢા કુંવરી તને ! રજપૂતાણીના વટ–વેપારને ભૂલીને તું મને અટકાવી રહી છે ! મોતથી કરીને રણે ચડેલા રજપૂતને અટકાવનાર સોંઢા કુંવરી, તારા શરીરમાં ક્ષત્રિયકુળનું લોહી નથી. હસતે મોંઢે પતિને

રણમેદાનમાં મરવા મોકલનાર રજપૂતાણીઓના નામને તેં કલંક લગાડયું છે. સોંઢાકુળમાં શું આવી કાયર કુંવરીઓ પાકે છે ?

અહીં ફૂલકુંવરી પણ તેનો જવાબ વીરતાથી આપીને ચોથો ફેરો ફરીને જવા માટે વિનંતી કરે છે. ત્યારે પાબૂજી કહે છે ''હેં કુંવરી, હવે લગ્નની લાલચ આપીને મને કાયર ન કર. હવે મારે એક પળ યુગ જેવી જાય છે.'' લડાઈમાં ચાંદાએ જીંદરાવ ખીંચી માથે હુમલો કર્યો. એક જ ઝટકે જીંદરાવ વેતરાઈ જાત. પણ પાબૂજીએ પોતાના ભાલા ઉપર ચાંદાની તલવાર જીલી લીધી. ''ચાંદા, બનેવીને ના મરાય બેન વિધવા થશે...''

આમ અનેક પ્રસંગે પાબૂની વીરતાએ પાબૂના વ્યકિતત્વને એક ઉંચાઈ આપી છે. વચનનું પાલન કરવા માટે પાબૂજી લગ્નની પણ કરતા નથી અને પ્રણને પાળવા માટે એ પોતાનો પ્રાણ આપી દે છે. સૂર્યવંશનુ એમને ગૌરવ છે ને સૂર્યવંશના રઘુપતિ રામની જેમ 'પ્રાણ જાય અરુ બચન ન જાઈ' એ ભાવના એ માને છે.

## 'વાગડની વીરતા'નું લોકમહાકાવ્ય ગલાલેંગ :

અહીં અરવલ્લીની પર્વતમાળાઓમાં દક્ષિણ–પૂર્વી છેડાએથી બનેલી નાની મોટી પર્વત–શ્રૃંખલાઓ વાળી ડુંગરાળ ભૂમિ પર વાગડ પ્રદેશ પથરાયેલો પડયો છે. વનગગડાની ભૂમિ પર જાણે કુદરતના ઉતર–ચઢ પગથિયા પર આખો પ્રદેશ ગોઠવાયેલો છે. મેવાડમાં આવેલો ધોળાગઢ (ધવલ ગિરિ) ડુંગરપુરમાં આવેલા ડામરિયા જંગલ, વાંસવાડામાં આવેલા ઘાંટોલ તથા સૌલાનાઘાટ આ બધા વાગડ ભૂમિના અંગ છે. વાગડ અને ખાદડ બંને ભૂમિગત લાક્ષણિકતા બતાવતા શબ્દો છે.

અહીં ગૃહ કલેશના લીધે કુટુંબમાં કંકાસ અને ભાઈઓમાં વિખવાદ ઊભો થતા. ગલાલસેંગ પિતા લાલસેંગ કલ્યાણગઢ નો કિલ્લો જીત્યા બાદ મૃત્યુ પામ્યા ગલાલસેંગનો માનો જણ્યો ભાઈ ગુમાનશેંગ કિશોરવસ્થામાં હતો. સાઠ વરસના માતા પિયોલી વૃદ્ધ હતા.

ગલાલસેંગ ફુટડો જુવાન હતો. ભાઈ–ભાગિયાની આડોડાઈથી ઉશ્કેરાઈને ભાઈઓનો ઘાણ તૈયાર થઈ ગયો. પરંતુ મા પિયોલીની સમજાવટથી માની જાય છે. ગલાલસેંગના ચરિત્રમાં વિશિષ્ટતા જોવા મળે છે. જો કે તે સાંમતી યુગનું પાત્ર છે, તેનામાં નરી બર્બરતાના બદલે ભાવુકતા, માનવોચિત કમજોરી, પૂર્ણ સંવેદન તથા અંતરની પીડાનું દર્દ દેખાય છે. વીર

અને વ્યકિત પૂજાના તે કાળમાં (વિ.સ. ૧૭૫૦ ) ગલાલસેંગ શકિત–સાહસ–શૌર્ય અને દઢતાની પ્રતિમુર્તિ નજર આવે છે. તે એક બાહાશ યોદ્ધો, અસાધારણ વ્યકિતના ધરાવતો આકર્ષક યુવક, અદ્વિતિય વીર પરમ માતૃભકત, અત્યંત ખૂબસૂરત આદમી તથા મર્યાદાપાલક પુરુષ હતો. તેનામાં સમયોચિત રોષ, ક્રોધ તથા ઉગ્રતાના દર્શન પણ થાય છે. જે ગુણ વધારે લાગે છે કારણ કે તે યુદ્ધો હતો. ગલાલસેંગ પોતાના સમયનો નાયક હતો.

ભાઈઓના ઝઘડા વખતે શકિતશાળી હોવા છતાં માની આજ્ઞાથી તેણે તલવાર મ્યાન કરી ! માતૃભકિત અને મર્યાદાનું તેણે પાલન કર્યુ. પરમ પુરુષાર્થી તથા ગૌરવશાળી ગલાલસેંગ સદા કર્મવીર બની જીંદગીનું કથન સાર્થક કરી ગયો. તે યાચક ન હતો, તેને પોતાની તલવાર અને બાવડાના બળનો ભરોસો હતો. તે બહુ જ સ્વાભિમાની અને ખુમારીવાળો ગર્વીલો અઅને ફોજદાર જુવાન હતો. રાણાને ઘોડા પર બેઠાં બેઠાં તલવાર ઊંચી કરીને સલામ કરે છે. તે સ્પષ્ટ વકતા હતો. રાણાની પણ ચમશાગીરી ન્હોતો. વીરપુરુષો પણ કરી જતા હતા. તે જેવો વીર હતો તેવો જ તે પ્રેમી તબિયતનો પુરુષ હતો. રાણી ઝાલી તથા મેણતણિને પરણવાનો આશય તે રોકી શકયો નહિ યુદ્ધમાં જતા પહેલા પરણી લેવા તત્પર પણ બને છે. તે રમુજ સ્વભાવનો હતો. તે પોતે અંતરની કોઈ પીડાથી, કોઈ અતૃપ્ત ભાવનાથી, બેકદરદાનીની નારાજગીથી કે પિયોલી માતાના વ્યવહારથી, પત્નીની વિરહ–વ્યથાથી કે પોતાની સાથે થયેલ ગલત અને અન્યાયપૂર્ણ વ્યવહારથી બેચેન હતો.

અહીં ગલાલસેંગ પાકો વીર, કર્મઠ, પુરુષાર્થી અને બાહુબળમાં ભરોસો રાખનાર કર્મપુરુષ હતો. પરંતુ વિધિમાં તેને આસ્થા હતી. દેવી દેવતાની તે માનતા અને આખડી–બાધા પણ રાખતો. તેને રંજ એ હતો કે તેની નિષ્ઠા અને સાચા કાર્યોને પણ ઈર્ષાળુ લોકોની કાન ભંભેરણીથી મહારાણા તથા મહારાવળ સમજી શકાય નહિ અને તેની શકિત તથા દાનત વિશે શંકા સેવીને તેને અન્યાય કર્યો – તેના માટે વિધિ વક્ર હતો. તેના જીવનમાં જેવું થવું જોઈતું હતું તેવું નહિ થતાં ઉલટું થયું અને કર્ણની માફક કરૂણતાને ભેટી ઈહલીલા સમાપ્ત કરી વિસ્મૃતિમાં ગરકાવ થવું પડયું. સાચા માણસનું હનન થાય ત્યારે આંસુ સારવા સિવાય શું કરી શકે ? આનું નામજ છે કરુણગાથા.

દિલદાર, ઉદાર, દાની, વિશ્વાસુ પણ ભોળો અને ભલો ગલાલેંગ દગાબાજોથી બહુ

છેતરાયો. ચાલબાજોનો શિકાર બન્યો. એટલું જ નહિ કુદરતે પણ તેને યારી આપી નહિ. પ્રથમ પત્ની પરલોક સિધાવી આમ આ વીરનું આખું જીવન સંઘર્ષથી શરુ થઈ. સંઘર્ષમાંથી પસાર થઈ, સંઘર્ષમાજ વિલીન થઈ ગયુ. પોતાની જીંદગી અને સ્વાર્થથી તે પોતાના કર્થવ્યને વધુ મહત્વ આપતો હતો. લગ્ન મંડપમાં મંગળ ફેરા ફરતે સમયે તેને કડાણા યાદ આવે છે. યાહોમ કરીને કૂદી પડે છે. તે પોતાના વટ (આન–બાન–શાન) નો એવો તો પાકો હતો કે મોત સાથે બાથ ભીડવામાં પણ પાછી પાની કરતો નહિ. તે ઉગ્ર ગુસ્સો ધરાવતો હતો અને પરિણામની કદી પરવાહ કરતો નહિ.

ગલાલસેંગ સાચા અર્થમાં એક વીરકાવ્યનો શૂરવીરના અને ભાવપ્રવણતાથી ભરપૂર નાયક હતો. તેણે મર્યાદાનો ભંગ કદી કર્યો નહોતો છતાંય લાગે છે કે દુર્ભાગ્ય – મિત્ર અને નિરાશા નારી સિવાય તે કશું પામી કશયો નહિ, માણી શકયો નહિ, બે સુંદરીઓ પરણીને આવ્યો હતો છતાંય સુહાગરાત માણ્યા સિવાય યુદ્ધમાં જવું પડે તેનાથી વધુ કરુણ શું છે ?

પતિપત્નિ વચ્ચે વિયોગ રહયા અને અમર આશા લઈને મર્દ મરણ શરણ થયો. તેના અરમાન અધુરા રહી ગયા ! તેની પીપાસા કદી તૃપ્ત થઈ નહિ. ગમ અને ગંભીરતાથી ભરેલું ગલાલેંગ લોકમહાકાવ્ય વાગડ અને ગુજરાતનું અમૂલ્ય રત્ન છે, અને ઐતિહાસિક પણ છે. ગલાલસેંગનું જીવન આદિથી અંત સુધી વેદના અને કરુણાથી ભરેલું છે. તેના જીવનની હર આશા પૂર્ણતાને આરે જઈને અધૂરી–ડૂબી ગઈ છે. તેની જીવન કથા એક કરુણકાવ્ય છે, એક મરસિયો છે, એક ગમનું ગીત છે. ના ભુલાઈ એવી આપવીતી છે આ લોકમહાકાવ્યમાં મૌત નહિ જીંદગીનું મહત્વ છે. ગલાલેંગ વીર, શૃંગાર તથા કરૂણ ત્રણે રસોનો ત્રિવેણી સંગમ છે.

આ કાવ્યમાં રાણી, ઝાલી, રાણી મેણતાણી, ફૂલકુંવરી, વખતેસેંગ અને લીલાધાર ઘોડો અમર પાત્રો છે. લોકમહાકાવ્યમાં આવતાં ચરિત્રો દેવત્વ પામે છે. આ દેવ–દેવીઓનાં ચરિત્રો સાથે વાહકનું અને કેટલાક પ્રસંગોમાં શ્રોતા–દર્શકોનું પણ એટલી હદ સુધી તાદાત્મ્ય સધાય છે કે તેઓ સ્વયં દેવ–દેવીઓ બની જાય છે. અને તેમના દેહમાં જે તે દેવ–દેવીનો ભાવ પ્રગટે છે તથા એકઠા થયેલા લોકોને આશીર્વાદ પણ આપે છે.

# સંદર્ભ સૂચી


**૧.** આદિવાસી, જાનપદ અને શિષ્ટ મહાકાવ્યોમાં નારી. પૃ. ડો. ભગવાનદાસ પટેલ

**૨.** રણયજ્ઞ પ્રા. મંજુલાલ રણછોડલાલ મજુમદાર પૃ. ૪૦, ૪૧

**૩.** રોમ સીતમાની વારતા – ડો. ભગવાનદાસ પટેલ. સંપાદક – પૃ. ૫૦૧ એજન ૫૦૨

**૪.** વનસ્વર સંપાદન – ડો. બળવંત જાની પૃ. ૨૦૫, ૨૦૬

**૫.** ગલાલેંગ – ડો. એલ. ડી. જોષી – પૃ. ૫, એજન, ૨૪

**૬.** ફર્બાસ ગુજરાતી સભા ત્રૈમાસિક સંપાદક – સિતાંશુ પશશ્ચંદ્ર પૃ. ૧૨૪